# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-03-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(GONG MUSIC)

-----------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# GUJARAT UCC

ગુજરાત વિધાનસભામાં આજે સમાન નાગરિક સંહિતા-UCC વિધેયક રજૂ થશે.ગૃહમાં આ વિધેયક રજૂ કરતા અગાઉ રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આ વિધેયકને ઐતિહાસિક ગણાવ્યું હતું. તેમણે જણાવ્યું,આ વિધેયકથી રાજ્યની તમામ મહિલાઓને અધિકાર મળશે.તેમણે ઉમેર્યું આ વિધેયકથી લગ્ન સહિતની દિવાની બાબતે એક સમાન નિયમ આવશે.

(બાઈટ : હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી )

ઉલ્લેખનીય છે કે UCC માટે રચાયેલી વિશેષ સમિતિએ કમિટીનો અંતિમ અહેવાલ રાજ્ય સરકારને સુપરત કર્યો હતો.આ વિધેયક પસાર થયા બાદ આગામી થોડામહિનાઓમાં રાજ્યમાં UCC લાગુ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

# Review meeting Kutch

કચ્છમાં આવેલી  તમામ ઓઇલ માર્કેટિંગ કંપનીઓ સાથે પેટ્રોલ અને ડીઝલના જથ્થાની ઉપલબ્ધતા અંગે સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી.

કચ્છના કલેક્ટરના અધ્યક્ષસ્થાને તથા પશ્ચિમ કચ્છના પોલીસ વડાની  ઉપસ્થિતિમાં યોજાયેલી બેઠકમાં કચ્છમાં તમામ પેટ્રોલ પંપ પર હાલ પૂરતી માત્રામાં પેટ્રોલ અને ડીઝલનો જથ્થો ઉપલબ્ધ છે, પેટ્રોલ અને ડીઝલની કોઈ અછત નથી, તેથી નાગરિકોને અફવાઓથી દૂર રહેવા ક્લેકટર દ્વારા અપીલ કરવામાં આવી હતી.

# Health Council

ગાંધીનગરમા આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાની ઉપસ્થિતિમાં રાજ્ય સ્તરીય આરોગ્ય પરિષદ યોજાઇ છે. જેમાં હાજર રહેલા આરોગ્ય વિભાગના અધિકારીઓ જાહેર આરોગ્યની સમસ્યા બાબતે ચર્ચા વિચારણા કરી રહ્યા છે

# PORBANDAR E-VAHAN

પોરબંદર શહેરમાં કીર્તિમંદિર, સુદામા મંદિર સહિતના અનેક પ્રવાસન સ્થળો આવેલ છે.કીર્તિમંદિર ખાતે આવતા પ્રવાસીઓને શીતલા ચોકથી કીર્તિમંદિર સુધી પગપાળા જવાની ફરજ પડે છે ત્યારે પોરબંદર મહાનગરપાલિકા દ્વારા ઇ વાહન ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે જેનાથી પ્રવાસીઓને સારી સુવિધા મળી રહી છે.

બાઇટ : વિનય કુમાર- પ્રવાસી

# Accident Navsari

મુંબઈથી અમદાવાદ આવતી ખાનગી લક્ઝરી બસ નવસારી નજીક ડિવાઈડર સાતે અથડાતા પાંચને ઈજા થઈ હતી.

અમદાવાદ આવતી ખાનગી લક્ઝરી બસ નવસારીના આરક સિસોદ્રા ગામ પાસે સામેથી આવી રહેલા વાહનને બચાવવા જતાં ડિવાઈડર સાથે અથડાતાં પલટી ગઈ હતી. જેમાં ઇજાગ્રસ્ત થયેલા પાંચ મુસાફરોને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડ્યા હતા.

# Fire in electricity meter

નવસારીના બીલીમોરાના ગોહરબાગ વિસ્તારમાં આવેલા શક્તિ એપાર્ટમેન્ટના વીજમીટરમાં શોર્ટસર્કિટથી આગ લાગી હોવાના અહેવાલ છે. આગને કારણે નજીકમાં પાર્ક કરેલું બાઈક બળી ગયું હતું. અમારા પ્રતિનિધિના જણાવ્યા પ્રમાણે શક્તિ એપાર્ટમેન્ટમાં ગ્રાઉન્ડ ફ્લોર પર રહેલા ઇલેક્ટ્રીક મીટરમાં શોર્ટસર્કિટ થવાને કારણે પ્રચંડ આગ ફાટી નીકળી હતી. ઘટનાની જાણ થતા જ બીલીમોરા અગ્નિ શમન વિભાગની ટીમે સ્થળ પર આવી આગ પર કાબૂ મેળવ્યો હતો.

# Khelo India Asmita

મહેસાણાની પ્રિશા પ્રજાપતિએ ખેલો ઇન્ડિયા અસ્મિતા વિમેન્સ સ્પર્ધામાં રાષ્ટ્રીય કક્ષાએ સ્થાન મેળવ્યું છે.

મહારાષ્ટ્રના પુનામાં યોજાયેલી ખેલો ઇન્ડિયા અસ્મિતા મહિલા ઝોનલ ચેમ્પિયનશીપમાં 50 મીટરની તરણ સ્પર્ધા, 400 મીટર બટરફલાય અને ઇન્ડિવિડીયુંલ મિડલેમાં ટોપ 4 માં તેમણે રેન્ક મેળવ્યો હતો. આગામી 12 થી 14 એપ્રિલ દરમિયાન અમદાવાદ ખાતે રમાનાર રાષ્ટ્રીય રમતમાં તેઓ ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે.

# Auction closed in the marketplace

મહેસાણા માર્કેટયાર્ડમાં 26 માર્ચથી 2જી એપ્રિલ સુધી રજા જાહેર કરાઈ હોવાથી હરાજીનું કામકાજ બંધ રહેશે. નાણાંકીય વર્ષના અંતિમ મહિના માર્ચમાં વેપારીઓ વાર્ષિક હિસાબમાં રોકાયેલા હોવાથી આ નિર્ણય લેવાયો છે. 3 જી એપ્રિલથી હરાજી નુંકામકાજ રાબેતા મુજબ ચાલુ રહેશે.

ઉનાવા માર્કેટયાર્ડમાં પણ 26 મી માર્ચ થી 31 મી માર્ચ સુધી હરાજીનું કામકાજ બંધ રહેશે. 1લી એપ્રિલ થી રાબેતા મુજબ હરાજીનું કામ શરૂ થશે.

# Best building

કચ્છના ધોરડો સ્થિત એગ્રોસેલ કંપનીના કામદારો માટેની કેન્ટીનની ઈમારતને ટોચની પાંચ ઈમારતની યાદીમાં સમાવિષ્ટ કરવામાં આવી છે. ઈજનેરી ક્ષેત્રમાં પ્રતિષ્ઠિત ગણાતા `આર્કડેઈલી' મેગેઝિન દ્વારા વિશ્વભરની શ્રેષ્ઠ ઈમારતોની વાર્ષિક યાદીમાં આ કેન્ટીને સ્થાન મેળવ્યું છે.

કંપની માટે અનોખી ડિઝાઈન ધરાવતી આ કેન્ટીન સ્ટુડિયો ડોટ દ્વારા નિર્માણ પામી છે. સ્ટુડિયો ડોટના એન્જિનીયર સત્ય વાઘેલાએ જણાવ્યું હતું કે, મેગેઝિન દ્વારા પાંચ વિવિધ કેટેગરીમાં વિશ્વનાં શ્રેષ્ઠ પાંચ-બાંધકામને પ્રોજેક્ટ ઓફ ધ યર' સ્પર્ધા માટે નામાંકિત કરાયા હતા, તેમાં અનેક તબક્કા માંથી પસાર થયા બાદ ટોચના પાંચ બાંધકામને અતિમ સ્પર્ધામાં લેવાયાં હતાં.